# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજકેટ-૨૦૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, H.S.C. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે **ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) – ૨૦૧૯ ની પરીક્ષા તા.૨૩/૦૪/૨૦૧૯ ને મંગળવારના રોજ** લેવાનું આયોજન કરવામાં આવેલ હતું અને તે અંગેની જાહેરાત બોર્ડ દ્વારા અગાઉ વર્તમાનપત્રોમાં આપવામાં આવેલ હતી.

ઉપરોક્ત કાર્યક્રમ જાહેર થયા બાદ **લોકસભાની ચુંટણી તા.૧૦/૦૩/૨૦૧૯** ના રોજ જાહેર થતાં **તા.૨૩/૦૪/૨૦૧૯** ના રોજ લોકસભાની ચુંટણી ગોઠવાયેલ હોઈ સમગ્ર પરીક્ષાના સંચાલનના તેમજ વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજન કરેલ ગુજકેટની પરીક્ષાના કાર્યક્રમમાં પુન: ફેરફાર કરવામાં આવે છે અને હવે તે પરીક્ષા **તા.૨૩/૦૪/૨૦૧૯, મંગળવારના બદલે તા.૨૬/૦૪/૨૦૧૯, શુક્રવારના રોજ** લેવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓએ તથા વિદ્યાર્થીઓએ નોંધ લેવી.

(મહેશ મહેતા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

તારીખ - ૧૧/૦૩/૨૦૧૯
સ્થળ - ગાંધીનગર